સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓલ્ટરનેટિવ્સ દ્વારા સહાયિત અને પ્રવાહ દ્વારા સંકલિત,

# પીવાના પાણી માટેની નિદર્શન યોજનાઓ

## પીપરડી ગામ

તાલુકો જસદણ, જિલ્લો રાજકોટ

અમલીકરણઃ પાણી સમિતિ, પીપરડી

**માર્ગદર્શકઃ સૌરાષ્ટ્ર વૉલન્ટરી એક્શન, રાજકોટ (સાવારાજ)**

## પહેલી નજરે...

| | |
|---|---|
| ગામ | પીપરડી, તાલુકો જસદણ, જિલ્લો રાજકોટ |
| અમલીકરણ | પાણી સમિતિ, પીપરડી |
| માર્ગદર્શક | સૌરાષ્ટ્ર વૉલન્ટરી એક્શન, રાજકોટ (સાવારાજ) |
| સહયોગ | પ્રવાહ, અમદાવાદ |
| મંજૂર થયેલ ખર્ચ | રૂ. ૭,૨૦,૩૫૮ |
| સહયોગ | રૂ. ૪,૨૯,૧૪૦ |
| જરૂરી લોકફાળો | રૂ. ૨,૯૧,૨૧૮ |
| એકત્ર થયેલો લોકફાળો | |
| થયેલું બાંધકામ | એક નવો કૂવો, તળાવ ઊંડું કરાયું, દલિત વિસ્તારમાં એક ટાંકો, કૂવાથી ટાંકા સુધીની પાઇપલાઇન, કૂવા ફરતે ફેન્સિંગ |
| પાણી સમિતિમાં સભ્ય સંખ્યા | ૧૦ (૫ બહેનો, ૫ ભાઈઓ) |
| નિદર્શનની સૌથી નોંધપાત્ર વાત | ગામેગામ નર્મદાનાં પાણી પહોંચવાથી બધી મુશ્કેલીનો અંત આવી જશે તેવા દાવા આ ગામમાં ખોટા પડ્યા છે, કેમ કે અહીં નર્મદાનું પાણી અઠવાડિયે એક વાર જ આવે છે. આખરી ઉપાય સ્થાનિક સ્રોત વિક્સાવવાનો છે, તે આ ગામમાં સાબિત થયું છે.<br><br>બીજી નોંધપાત્ર વાત એ કે અહીં શરૂઆતમાં મહિલા મંડળ અને યુવક મંડળ રચવામાં આવ્યાં, જેમણે નિદર્શનમાં ઉત્સાહભેર ભાગ લીધો અને ઘણા પ્રકારનું કામ જાતે જ ઉપાડી લઈને ખર્ચ બચાવ્યો. |

## સ્વૈચ્છિક સંસ્થા તથા ગામ/તાલુકાનો પરિચય

**સૌરાષ્ટ્ર વોલન્ટરી એકશન, રાજકોટ (સાવારાજ)**

સૌરાષ્ટ્ર વોલન્ટરી એકશન, રાજકોટ (સાવારાજ) સંસ્થાની શરૂઆત જસદણ તાલુકાના છ મિત્રો દ્વારા ૧૯૯૫માં કરવામાં આવી હતી. ૧૯૯૫થી ડિસેમ્બર ૧૯૯૮ સુધી આ સ્વૈચ્છિક પ્રવૃત્તિ હતી. જેને વિધિવત સંસ્થાનું સ્વરૂપ આપીને ડિસેમ્બર ૧૯૯૮માં ટ્રસ્ટ અને સોસાયટી એકટ નીચે રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું અને એક સ્વૈચ્છિક સંસ્થા તરીકે કામગીરી શરૂ કરવામાં આવી.

**પીપરડી અને જસદણ તાલુકાના મુખ્ય પ્રશ્નો**

- દર ત્રણ વર્ષે દુકાળની સ્થિતિ જેથી પીવાના અને ખેતીનાં પાણીની કાયમી અછત રહે છે.
- દરિયાની સપાટીથી ગુજરાતમાં સૌથી ઊંચાઇ ઉપર આવેલા તાલુકાઓમાંનો એક. જેથી મોટા ડેમ કે સિંચાઇનો અભાવ અને નદીઓનો સ્રાવ વિસ્તાર પણ ખૂબ જ ઓછો.
- લોકોની આવકનો મુખ્ય આધાર ખેતી અને તે પણ સીઝનલ ખેતી જેથી ખેડૂતોની સ્થિતિ નબળી.
- તાલુકામાં મુખ્ય વસ્તી તળપદા કોળી, રબારી, દલિત અને વાઘરી જેઓની આવડત ઓછી અને ધીમું પરિવર્તન સ્વીકારનાર.

## નિદર્શનનો હેતુ

પીપરડીમાં નિદર્શન કરવા પાછળનો મુખ્ય હેતુ, સરકારે આખા તાલુકાને નોસોર્સ જાહેર કરેલ છે, પરંતુ જો હેતુપૂર્વક પ્રયત્નો કરવામાં આવે તો પીવાના પાણી માટે ગ્રામ સ્વાવલંબન થઇ શકે તે દર્શાવવાનો હતો. ઉપરાંત, ગામના લોકો સામુહિક કામમાં જવાબદારી લેતા થાય અને લોકફાળો આપતા થાય એ પણ હેતુ હતો.

## નિદર્શન પ્રક્રિયા

**ગામના પ્રશ્નોની પ્રાથમિક માહિતી**

શેરીનાટકો દ્વારા લોકજાગૃતિનો પ્રયાસ કરતી સંસ્થાની એક ટુકડી 'તરસ' નાટક ભજવવા માટે પીપરડી ગામે ગઈ ત્યારે સંસ્થાના આગેવાનોને આ ગામના પીવાના પાણીના પ્રશ્નની જાણ થઈ હતી.
એ સમયે પીપરડી ગામમાં...

- ગામમાં પીવાના પાણીનો એક પણ કૂવો ન હતો. છ ડંકીઓ હતી. પરંતુ બધી જ બગડેલી હતી.
- ગામમાં ૬ કિ.મી. દૂર ડોળીના તળાવેથી પાઇપલાઇન નાખીને ગામમાં પીવાનું પાણી પૂરું પાડવાની યોજના હતી. પરંતુ ગામમાં પાણી પહોંચ્યું જ નહોતું.
- ગામમાં નવ વર્ષ પહેલાં રૂ. નવ લાખના ખર્ચે પાણીની ઊંચી ટાંકી બનાવવામાં આવી હતી, પરંતુ તે પાણી ભરાતાં પહેલા જ તૂટી પડી હતી.
- નર્મદાની પાઇપલાઇન ગામ સુધી આવી છે, પરંતુ તેમાં અઠવાડિયે એક વાર પાણી આવે છે, બહેનોને રાતના ૧૧ સુધી પાણીની રાહ જોવી પડે છે અને પાણી માટે લડાઈ ઝઘડા થાય છે.

*બહેનો દ્વારા પી.આર.એ.*

સૌ પ્રથમ ગામનાં બહેનોને શાળામાં એકત્ર કરીને ત્રણ જૂથ પાડવામાં આવ્યાં અને ગામમાં પીવાના પાણીનાં કયા કયા સ્રોત છે, તેની હાલત શું છે, વગેરે માહિતી પી.આર.એ. દ્વારા એકત્રિત કરવામાં આવી.

*જૂથની રચના*

પીપરડી ગામમાં નિદર્શન કરવા માટે લોકો તૈયાર થાય અને પોતાની જવાબદારી લેતા થાય તે માટે અને બે મહિલા મંડળ અને એક યુવક મંડળ રચવામાં આવ્યાં, જે આગળ જતાં નિદર્શનમાં ઉપયોગી થયાં.

*પાણી સમિતિની રચના*

કામની શરૂઆત કરતાં પહેલાં, પાણી સમિતિની રચના કરવામાં આવી. પહેલાં તેમાં ૪ બહેનો અને ૨ ભાઇઓ એમ ૬ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ પંચાયત સાથે જોડાણ કરતા તેના ૪ સભ્યો ઉમેરવામાં આવ્યા. એ રીતે પાંચ બહેનો અને પાંચ ભાઈઓ ધરાવતી પાણી સમિતિ બની.

## નિદર્શનનો ભૌતિક દૃષ્ટિકોણ

### નિદર્શન હેઠળ કરવામાં આવેલાં કામ

પીપરડી ગામમાં નિદર્શન કાર્યમાં નીચે મુજબનાં બાંધકામ કરવામાં આવ્યાં છેઃ

- પીવાના પાણીનો નવો કૂવો, મોટર અને પાઇપલાઈન
- પીવાના પાણીનો ટાંકો અને પાઇપલાઇન
- જૂનું તળાવ ઊંડું કરવું.

પીવાના પાણી માટે કૂવો કરવાની જગ્યા તળાવની અંદર પસંદ કરવામાં આવી. જેથી તળાવ ભરાઈ જાય એટલે કૂવામાં પાણી આવે. તળાવમાં વધુ પાણી આવે તે માટે તળાવને ઊંડું કરવામાં આવ્યું તથા તેનું સમારકામ કરવામાં આવ્યું. આ કારણે તળાવમાં વધુ ત્રણ મહિના સુધી પાણી રહેવા લાગ્યું છે. ઉપરાંત, તળાવની અંદર કૂવો કરવાથી કૂવામાં પૂરતું પાણી મળ્યું છે.

પાઇપલાઇન દ્વારા ગામના જુદા જુદા બે વિસ્તારોમાં પાણી પહોંચાડવામાં આવ્યું છે, જેથી રહેણાંક વિસ્તારમાં જ બહેનોને નજીકમાં પાણી મળી રહે અને વધારે દૂરથી પાણી ઊંચકવું ન પડે.

### નિદર્શનની નવીનતા

- પાણીનો જથ્થો વધારવા તળાવનો ઉપયોગ કરવામાં આવ્યો. પહેલાં તળાવમાં એક જ નદીનું પાણી આવતું તેથી તળાવ ખાલી રહેતું. તેમાં બે નદીનું પાણી વાળવામાં આવ્યું, તેથી હવે તળાવ ઓછા વરસાદે ભરાઇ જાય છે. તળાવ ઊંડું કરવામાં આવ્યું હોવાથી હવે ઉનાળામાં પણ પાણી રહે છે.
- ગામમાં જે કૂવો બનાવવામાં આવ્યો તેમાં પાણી હંમેશા સ્વચ્છ રહે તે માટે તેને બાંધવામાં આવ્યો છે. ઉપર જાળી ફીટ કરવામાં આવી છે, જેથી અંદર કોઇ નાહવા ન પડી શકે, કોઇ કચરો ન નાખે તેમ જ કબૂતર માળા ન બાંધી શકે કે કોઇ પક્ષી અંદર મરે નહીં.
- કૂવામાંથી પાણી ખેંચવા માટે જે મોટર બેસાડવામાં આવી છે તેનું સંચાલન ગામમાં પાણી ભરવા માટેના ટાંકા પાસેથી જ થઈ જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ રીતે, મોટરનું સંચાલન સહેલું બન્યું છે અને પાણીનો બગાડ પણ અટક્યો છે.

**સ્થાનિક સંસાધનોનો વપરાશ**

સ્થાનિક ક્ષમતાઓ અને શક્તિઓનો ઉપયોગ કરીને ખર્ચને શક્ય એટલો ઘટાડવાનો પ્રયાસ એ કદાચ આ નિદર્શનનું સૌથી નોંધપાત્ર પાસું છે. અહીં તળાવ ઊંડું કરવા માટે તળાવમાંથી માટી બહાર લઇ જવા માટે ટ્રેકટરની જરૂરી હતી. ગામમાં જ ૧૨ ટ્રેકટર હતાં. તેથી ટ્રેક્ટરના માલિકોને મળીને, પાણી સમિતિ તળાવ ઊંડું કરાવે ત્યારે માટી લઈ જવાની જવાબદારી લેવા વિનંતી કરવામાં આવી. ટ્રેક્ટરના માલિકોએ પ્રત્યેક ફેરાના ૪૦ રૂપિયાના નજીવા ભાડામાં જેમને માટી જોઈતી હતી તેમના ખેતર સુધી પહોંચાડી આપી. પાઇનલાઇન ફીટિંગ કરવા માટે ગામના આવડતવાળા યુવાનોએ મફતમાં કામ કરી આપ્યું. આમ પાઇનલાઇનની ખામી લોકોએ પૂરી દીધી. કૂવા ઉપર મશીન ગામના લોકોએ જ મફત આપ્યું. કૂવો ગાળવાના સમયે જોઈતાં સાધનો પણ ગામના યુવકોએ મફત વાપરવા આપ્યાં અને પંપ મૂકવાની કામગીરી પણ યુવકોએ જ ઉપાડી લીધી.

**પાણીની ઉપલબ્ધતા અને ગુણવત્તા**

કૂવામાં, પાણીનો જથ્થો પૂરતા પ્રમાણમાં મળ્યો છે. પીપરડી ગામ ૪૦૦૦ની વસ્તી ધરાવતું ગામ છે. તેની સામે ૫ હોર્સપાવરની મોટરથી પંપ દ્વારા ૨૪ કલાક ચાલે તેટલું પાણી મળ્યું છે. તેથી જો બીજા કોઈ ખેડૂતો આ પાણી કાઢી ન જાય તો આવતાં ૧૦ વર્ષમાં આ ગામને પીવાના પાણીનો કોઈ પ્રશ્ન ઊભો થાય તેમ નથી. વળી પીવાનું પાણી માત્ર ૪૦ ફૂટની ઊંડાઇએથી મળ્યું છે, તેથી પાણી મીઠું છે. તેમાં ક્ષાર કે કોઈ બીજી મુશ્કેલી નથી. પાણી પીવાલાયક છે.

**સ્વચ્છતા અને આરોગ્ય પર અસર**

નિદર્શન કાર્ય પહેલાં લોકો સીમમાં પડતર પડેલ કૂવાનું પાણી પીતા હતા. જે પાણીમાં, ઉનાળામાં જીવાતો થઇ જતી. છતાં પણ કયાંયથી પાણી મળતું ન હોવાથી લોકો આવું દૂષિત પાણી પીતા. વળી પાણીની અછત હોવાથી નાહવા અને કપડાં ધોવાની ખૂબ જ મુશ્કેલી પડતી તેથી નાહવાનું લોકો ટાળતા અથવા અઠવાડિયામાં માત્ર બે વખત નાહતા હતા. હવે પાણીની અછત ટળી હોવાથી તેથી લોકોનું આરોગ્ય સુધરશે.

## નિદર્શનનો આર્થિક દૃષ્ટિકોણ

પીપરડી ગામમાં કરેલ નિદર્શન આર્થિક રીતે ટકાઉ છે. કારણ કે ૪૦૦૦ની વસ્તી ધરાવતાં ગામને પીવાના પાણીનું સ્વાવલંબન મેળવવા માટે રૂ. ૪૦,૮૦૦૦નો, એટલે કે માથાદીઢ રૂ. ૧૦૦નો જ ખર્ચ થયો છે. હવે નિભાવણી ખર્ચ માથાદીઠ વાર્ષિક રૂ. ૨૦ આવે તેવી ધારણા છે, જેમાંથી વીજળીનું બિલ તેમ જ નાના મોટા સમારકામનો ખર્ચ નીકળી જશે.

**<u>નિભાવણી અને જાળવણી માટે આવક જાવકનો અંદાજ</u>**

| આવક | જાવક |
|---|---|
| ગામની ૪૦૦૦ની વસ્તી છે અને માથાદીઠ વર્ષે રૂ. ૨૦ લેવામાં આવશે. તેથી વાર્ષિક રૂ. ૮૦,૦૦૦ની આવક થાય. | વીજળીનું બીલ માસિક રૂ. ૨૦૦૦ના હિસાવે વર્ષનું રૂ. ૨૪,૦૦૦ આવશે. બાકીની રકમમાંથી મરામત થઈ શકશે. |

હાલમાં પીપરડી ગામે પીવાના પાણીના જે સ્રોત ઊભા થયા છે. તેની નિભાવણીની જવાબદારી પાણી સમિતિએ લીધી છે. વાર્ષિક માથાદીઠ રૂ. ૨૦નો વેરો લેવાનો ગ્રામપંચાયતે ઠરાવ કર્યો છે અને વેરો ઉઘરાવવાની જવાબદારી અને સત્તા પાણી સમિતિને આપી છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગ્રામ પંચાયતે પોતાનું લાઇટ કનેકશન હતું તે હાલમાં આ કૂવા ઉપર ફેરવી નાખ્યું છે. તેમ જ આ નિદર્શન યોજના માટે તળાવની હદ બાંધીને પેશકદમી ન થાય તેવી વ્યવસ્થા કરી છે. પેશકદમી અટકાવવા માટે ગ્રામ પંચાયતમાં ઠરાવ કરીને મનાઇ કરવામાં આવેલ છે.

## નિદર્શનનો સામાજિક દૃષ્ટિકોણ

**<u>દરેક જ્ઞાતિની સહભાગીતા</u>**

પીપરડી ગામમાં નિદર્શન પ્રક્રિયા દરમિયાન દરેક જ્ઞાતિને ન્યાય મળે અને આ કામમાં તેની સામેલગીરી રહે તે માટે પાણી સમિતિમાં દરેક જ્ઞાતિમાંથી સભ્યોની પસંદગી કરવામાં આવી છે. તેમ જ ૫૦ ટકા બહેનોની ભાગીદારી રાખી છે. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન બહેનોની સહભાગીતા રહી છે. જેમ કે કામનું આયોજન કરવામાં, ખરીદી કરવા જવામાં, કામની સોંપણી કરવામાં તેમ જ કામ ઉપર દેખરેખ રાખવામાં બહેનોએ જવાબદારી લીધી છે. ભાઈઓએ કામ કરવામાં મદદ કરવામાં જવાબદારી લીધી.

દલિતોએ તેમનું અલગ મંડળ બનાવ્યું છે અને આ મંડળના પ્રતિનિધિનો સમાવેશ પાણી સમિતિમાં કરવામાં આવ્યો છે. તેમને સાથે રાખવા પહેલાં તેમનું મંડળ બનાવવું પડ્યું.

દલિત વાસમાં ફળિયા મીટિંગ કરીને બજારમાં ખુલ્લામાં પાણી નહીં છોડવાની સમજણ આપવામાં આવી અને ત્યાર બાદ આ રીતે પાણી બહાર કાઢતા લોકોને પોતાના ઘરમાં શોષખાડો બનાવી લેવા જણાવતાં ૨૨ ઘરમાં શોષખાડા બનાવવામાં આવ્યા. આ કાર્યમાં સંસ્થા તરફથી માત્ર ઇંટનાં રોડાં આપવામાં આવ્યાં હતાં. બાકીના તમામ કામ તથા ખર્ચની જવાબદારી લોકોએ ઉપાડી લીધી હતી.

**બાળકોની સહભાગીતા**

નિદર્શન અંતર્ગત પીપરડી પ્રાથમિક શાળાનાં બાળકોને વ્યકિતગત સ્વચ્છતા બાબતે સમજણ આપવામાં આવી હતી. જેમાં પીવાનું પાણી હંમેશા ડોયાથી લેવું, નખ નિયમિત કાપવા, સવારે દાતણ અથવા બ્રશ કરવું, જમતી વખતે હાથ ધોઈને જ બેસવું વગેરે સમજણ આપવામાં આવી. આ ઉપરાંત બાળકોને મેલેરિયા તાવ અને મચ્છરની ઉત્પતિ વિશેની એક ફિલ્મ બતાવવામાં આવી હતી. ત્યાર બાદ નિશાળમાં જ ડોયા અને ગરણા વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.

## પ્રશાસન અને સંસ્થાકિય માળખું

ગામની પાણી વ્યવસ્થાની બધી જવાબદારી પાણી સમિતિને સોંપવામાં આવી છે. અગાઉ જણાવ્યા અનુસાર હવે આ પાણી સમિતિમાં ગ્રામ પંચાયતના ચાર સભ્યો પણ ઉમેરાય છે. પાણી સમિતિની દર મહિને બેઠક યોજાય છે. પાણી સમિતિના સભ્યોને બે તાલીમ આપવામાં આવી છે અને ભાવનગર જિલ્લાના છાયા ગામના પ્રેરણા પ્રવાસે પણ લઈ જવામાં આવ્યા હતા. પાણી સમિતિએ નીચે મુજબનાં કામની જવાબદારી ઉપાડી લીધી છેઃ

- પીવાના પાણીનો કૂવો, પાઇપલાઇન અને મોટરની જાળવણી કરવી, જરૂર પડે સમારકામ કરાવવું.
- નિયમિત પાણી અપાય તે માટે માણસ મૂકવો.
- પાણીવેરો ઉઘરાવવો.
- વધારાનાં સાધનો જે હાલ ફાજલ પડયાં છે, તેને સાચવવાં.

## નીતિ વિષયક હિમાયત

આ નિદર્શન કામ દરમિયાન પાણી પુરવઠા બોર્ડના કાર્યપાલક ઇજનેરશ્રી સાથે મળવાનું થયું આ પ્રવૃત્તિમાં તેમણે પણ મદદ કરવાની ખાત્રી આપી. ઉપરાંત ગામમાં ચાલતી સ્વજલધારા યોજનાનો પણ લાભ લઈને અન્ય જરૂરી કામો સ્વજલધારામાં સમાવવામાં આવ્યાં. આ નિદર્શનની સફળતાના આધારે, સાવારાજ સંસ્થાને વાસ્મોએ ૫૯ ગામોમાં અમલીકરણ સહાયક સંસ્થા તરીકેની જવાબદારી સોંપી છે. સંસ્થાના મત અનુસાર, ભવિષ્યમાં આ પ્રકારનાં કામમાં વધુ સફળતા માટે નીચેની બાબતોને ધ્યાનમાં લેવી જોઈએઃ

- શરૂઆતમાં જાગૃતિ ઊભી કરવા માટે ચોકકસ સમયગાળો હોવો જોઈએ. એ સમયમાં ગામમાં નાનાં નાનાં જૂથો બનાવીને આ મુદ્દા પર સમજ ઊભી કરવી જોઈએ અને ત્યાર પછી જ ભૌતિક કામની શરૂઆત કરવી જોઈએ.
- આયોજનમાં બધા વર્ગ અને ખાસ કરીને બહેનોને સામેલ રાખવાથી પરિણામ સારૂ મળે છે.
- માત્ર પીવાનું પાણી જ નહીં પણ સ્વચ્છતાનાં કામને પણ મહત્ત્વ આપીને તેને લગતાં કામ પણ કરવાં જોઇએ. તો જ વધુ સારૂં કામ થઇ શકે અને આદર્શ નિદર્શન ઊભું થાય.
-

વધુ માહિતી માટે સંપર્ક : **પ્રવાહ મધ્યસ્થ કાર્યાલય**

જી-૨, રક્ષા એપાર્ટમેન્ટ, ૨૦૦, આઝાદ સોસાયટી, પોલિટેકનિક રોડ, આંબાવાડી, અમદાવાદ - ૧૫

ફોનઃ ૦૭૯-૨૬૭૬ ૨૫૯૦, ૨૬૭૬ ૩૯૮૪ E-mail: pravah@gmail.com, Website: www.pravah-gujarat.org